# અરવલ્લી જિલ્લામાં મુરઝાયેલા પાકને જીવતદાન

## મેઘરાજાની પુનઃ પધરામણી : મોડાસા શહેરમાં અવિરત મેઘ વર્ષાથી ઠેર-ઠેર પાણી ભરાયા

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસોથી મેઘરાજા રિસાયા હોય તેમ હાથતાળી આપી જતા રહે છે. ત્યારે સોમવારે આખો દિવસ કાળા ડિબાંગ વાદળો આકાશે ગોરંભાયેલા રહેતા લોકોએ બાફ અને ઉકળાટનો અનુભવ કર્યો હતો. પાંચ દિવસના વિરામ બાદ સોમવારે સાંજના સમયે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છુટાછવાયા વરસાદી ઝાપટા બાદ રાત્રીના સમયથી સમગ્ર જિલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર પધરામણી કરી હતી જે સોમવારે આખો દિવસ વરસાદ વરસતા જિલ્લાના વાતાવરણમાં ઠંડકની લહેર પ્રસરી હતી. મેઘરાજાએ વિરામ લેતા ભૂમિપુત્રોના માથે ચિંતાની લકીરો તણાઈ હતી. પરંતુ સોમવારે સાંજથી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રાત્રીના સમય દરમિયાન તેમજ મંગળવારે બપોરે પડેલા વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓની હાલત કફોડી બની હતી.





અરવલ્લી જિલ્લામાં સોમવારે સમગ્ર દિવસ દરમિયાન ભારે ગરમી અને ઉકળાટનું વાતાવરણ રહેવા પામ્યું હતું. દિવસભરના ઉકળાટ પછી એકાએક જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડવાથી ભૂમિપુત્રોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી તેમજ સોમવારે રાત્રીના સમયથી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કેટલીક જગ્યાએ ધોધમાર વરસાદ તો કેટલીક જગ્યાએ ઝરમર વરસાદથી ધરા તૃપ્ત બની હતી. અરવલ્લી જિલ્લામાં સોમવારે રાત્રીથી શરૂ થયેલા વરસાદથી ખેડૂતોએ ખેતરમાં કરેલી વાવણીને જીવતદાન મળતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સોમવારની રાત્રીથી મંગળવાર સાંજના ૪ વાગ્યા સુધી ૩૪ એમ.એમ., માલપુર ૭૩ એમ.એમ., મેઘરજ ૭૦ એમ.એમ., ધનસુરા ૨૨ એમ.એમ. બાયડ ૭૮ એમ.એમ. અને ભીલોડામાં ૧૨ એમ.એમ. વરસાદ નોંધાયો હતો. ગુજરાત માટે સોમવારે સર્જાયેલુ લો-પ્રેસર સારા સમાચારા લાવ્યુ છે. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ લૉ પ્રેસરથી હજુ ૨૪ કલાક સુધી મધ્યમથી અતિભારે વરસાદ રહેવાની સંભાવના વ્યક્ત થતા જિલ્લાના પ્રજાજનો અને ખેડૂતોમાં આનંદ ફેલાયો હતો.

મોડાસા શહેરમાં સોમવારે રાત્રીના સમયે અને મંગળવારે બપોરે ધોધમાર વરસાદ વરસતા શહેરના હાર્દસમા ચાર રસ્તા વિસ્તાર, બસ સ્ટેન્ડ પાછળ, ડીપ શાખાના ડીપીરોડ સહિત પાણી રોડ પર ભરાઈ જતા વાહનચાલકોને મુશળધાર વરસાદમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મોડાસા શહેરમાં મેઘરાજાની અવિરત મહેરથી વાતાવરણમાં શીતલહેર પ્રસરી હતી.





બનાસકાંઠા જિલ્લામાં ગત રાત્રીએ મેઘરાજા ની ધમાકેદાર એન્ટ્રી થવા પામી છે તેમજ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાતા ખુશીનો માહોલ છવાયો છે.બનાસકાંઠા ના પ્રજાજનોએ આ વર્ષે ૪૮ ડિગ્રી ગરમી નો અસહ્ય ઉકળાટ બાદ ગત મોદી રાત્રી એ જિલ્લા માં ૩ ઇંચથી લઈ ૩મિલી મીટર જેટલો વરસાદ જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં નોંધાયો છે જેના પગલે ખુશીનો માહોલ છવાયો.

# ભિલોડામાં વહેલી સવારથી મેઘરાજાની ધમાકેદાર પધરામણી

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં આજે વહેલી સવારે વીજળીના કડાકા-ભડાકા સાથે મેઘગર્જના થયા બાદ વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો નારસોલી, ઝાંઝરી, વાંકાનેર, મઉં, મુનાઈ સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ સીમ વિસ્તારોમાં કપાસ, મગફળી, દિવેલા, મકાઈ, તુવેર, અળદ સહિત વિવિધ પ્રકારના મુરઝાતા ખેતીના પાકો નિષ્ફળ ખેડુતો અને ખેતમજુરો ખેતી કામકાજમાં પરોવાયા હતા.

મેઘરાજાની પધરામણી થાય ત્યારે અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનો ત્રાહિમામ



આવ્યા બાદ મેઘરાજાની ધમાકેદાર પધરામણી થતાં ખેડુતોમાં ખુશીની લહેર પ્રસરી હતી. સાર્વત્રીક મેઘમહેરના કારણે અસહ્ય બાફ અને ઉકળાટભર્યો માહોલ સર્જાયા બાદ વાતાવરણમાં આહ્‌લાદક ઠંડક પ્રસરી હતી. ભિલોડા, શામળાજી, ચિઠોડા, ખંભીસર, સુનોખ, શણગાલ, પાલ્લા, ટાકાટુકા, નારણપુર- જવાની અણી ઉપર હતા ત્યારે અણીના સમયે નવિન જીવતદાન ખેતીના પાકોને મળેલ છે. આજે મંગળવારે વહેલી સવાર થી જ ધીમી-ધીમી ધારે મેઘરાજાની ધમાકેદાર પધરામણીના પગલે ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ક્યાંક-ક્યાંક ધીમી ધારે તો ક્યાંક-ક્યાંક ધોધમાર વરસાદ આવતા પોકારી ઉઠ્યા છે. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ લાઈટો બંધ હોય ત્યારે પ્રજાજનોના ફોન ઉપાડતા નથી ? જાગૃત પ્રજાજનો વરસાદી માહોલમાં ભારે મુશ્કેલીમાં મુંકાતા હોય છે. અંધેરી નગરી ગંડુ રાજા જેવો વહીવટ ચાલતો હોવાનું લોકમુખે ચર્ચાય છે.



ડીસા શહેરના ભણશાળી રોડ પર દર ચોમાસે વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાય છે. છેલ્લા ઘણા વર્ષોથી આ રામાયણ છે અને ચોમાસુ આવે એટલે દુકાનદારો ભેગા મળી પાલિકામાં રજુઆત કરવા પહોંચી જાય છે. પરંતુ આજ સુધી આ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી અને આ વખતે પણ બે ઈંચ જેટલો વરસાદ પડતાં જ ફરી આ રોડ પર ઘુંટણસમા પાણી ભરાઈ જતા વેપારીઓને દુકાન બંધ રાખવાની ફરજ પડી હતી. આ રોડ બન્યો ત્યારથી જ વરસાદી પાણીના ભરાવાની સમસ્યા ઉભી થઈ જાય છે. દર વર્ષે રજુઆતો કરવામાં આવે છે પરંતુ કોઈ ઉકેલ આવતો નથી. આ વખતે પણ રોડ પર ઘુંટણસમા પાણી ભરાઈ જતાં વેપારીઓને પોતાના ધંધા-રોજગાર બંધ રાખવાની ફરજ પડી હતી. અને પાલિકા કચેરીમાં રજુઆત કરવા માટે પહોંચ્યા હતા જો કે પ્રમુખ પ્રવિણભાઈ માળી તેમના વોર્ડમાં પાણી ભરાઈ ગયુ હોવાથી ત્યાં ગયેલા હોવાથી પ્રમુખની મુલાકાત થઈ શકી નહોતી.

# ભિલોડા પંથકમાં દિપડાનો આતંક વધતા પશુપાલકો ભારે ચિંતિત

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ ભેટાલી, રામનગર, કરણપુર, વણઝર, નાની બેબાર પંથકમાં દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં પશુ પાલકો,ખેડુતો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભેટાલી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ શંકરભાઈ કોદરભાઈ પ્રજાપતીના જણાવ્યા મુજબ કરણપુર ગામ પાસે ડુંગરની તળેટી નજીકના સીમવિસ્તારમાં વન્ય હિંસક પ્રાણી ખુખાર દિપડાએ એક નીલ ગાયનું મારણ કરતાં પશુપાલકો અને ખેડુતો ભયભીત બન્યા છે. ભેટાલી, રામનગર, કરણપુર, વણઝર,નાની બેબાર રામનગર ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારમાં વન્ય હિંસક પ્રાણી દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનો ભયભીત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રામનગર ગામના પશુપાલક ધુળીબેન ડાહ્યાભાઈ પટેલના તબેલામાં બાંધેલી એક વર્ષની પાડીને દિપડાએ શિકાર બનાવી મારણ કરતાં પશુપાલકો ભયભીત હતા ત્યારે વન વિભાગના અધિકારીઓ ધ્વારા રામનગર ગામના સીમવિસ્તાર પાસે ખુંખાર દિપડાને ઝડપી લેવા માટે પાંજરૂ મુંકાયું હતું. ખુંખાર દિપડાએ કરણપુર ગામમાં મધ્યરાત્રે એક નીલ ગાયનું મારણ કરતાં પશુપાલકો, ખેડુતો, ખેતમજુરોમાં ભયની લાગણી ઉદ્‌ભવી છે.

ભેટાલી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ શંકરભાઈ પ્રજાપતી અને ગ્રામજનોએ ભેટાલી વન વિભાગના વનરક્ષકને જાણ કરતાં તાબડતોબ વન વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ભેટાલી, રામનગર, કરણપુર, વણઝર, નાની બેબાર પંથકમાં છેલ્લા છ મહિનાથી ખુંખાર દિપડો આતંક મચાવી રહ્યો છે.

રામનગર ગામના સામાજીક કાર્યકર સંકેતભાઈ ચૌધરીએ શામળાજી વન વિભાગમાં વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરતાં વન વિભાગના આર.એફ.ઓ. ધ્વારા દિપડાને ઝડપી લેવા પાંજરૂ મુંકાયું હતું પરંતુ આજ દિન સુધી દિપડો પાંજરે પુરાયો નથી.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં ભેટાલી, રામનગર, કરણપુર, વણઝર, નાની બેબાર પંથકના ખેડુતો, પશુપાલકો અને પ્રજાજનોમાં ભારે ભય સતાવી રહ્યો છે.

ભેટાલી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ શંકરભાઈ પ્રજાપતી અને ખેડુતોએ જણાવ્યું હતું કે ભેટાલી અને કરણપુર ગામના સીમાડાઓમાં વન વિભાગ ધ્વારા ખુંખાર દિપડાને ઝડપી લેવા માટે સત્વરે પાંજરૂ મુંકાય તેવી યોગ્ય વ્યવસ્થા કરવા ભલામણ કરેલ છે.

ખેડુતોએ જણાવ્યું હતું કે એક તરફ ચોમાસાની સિઝનમાં સીમવિસ્તારોમાં વાવણી કરેલા પાકોનું નીલ ગાય અને ભુંડ રાત્રે ખેતરોમાં ભેલાણ કરતાં હોવાથી ખેડુતોને રખવાડુ કરવા માટે ખેતરોમાં રહેવું પડતું હોય છે ત્યારે ખુંખાર દિપડાએ આતંક મચાવતાં ખેડુતો, પશુ પાલકો અને શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાતાં સીમવિસ્તારો તરફ અવર-જવર કરવામાં ભારે ગભરાટ અનુભવી રહ્યા છે.



## પ્રથમ વરસાદે જ ગાબડુ

ડીસા શહેરના રેલ્વે સ્ટેશન રોડ પર હરીઓમ હાઈસ્કૂલ સામે રોડ બનાવ્યાને હજુ માંડ એક માસ થયો હશે ત્યાં પ્રથમ વરસાદમાં જ રોડમાં ગાબડુ પડી જવા પામ્યુ છે. પ્રથમ વરસાદમાં જ અહીં ગામડુ પડતા લોકોએ રોડની કામગીરી સામે શંકા વ્યકત કરી હતી.

# પ્રાંતિજના કાટવાડ પાસે વહેલી સવારે કાર પલ્ટી ખાઈ જતા બે ના મોત

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના કાટવાડ પાટીયા પાસે અજમેર બાજુથી આવતી કાર વહેલી સવારે પલ્ટી ખાતા કારમાં સવાર ચારમાંથી બેના ઘટનાસ્થળે મોત અને બેને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં.

પ્રાંતિજના કાટવાડ પાટીયા નજીક મંગળવારની વહેલી સવારે અજમેર તરફથી આવતી ફુલ ફાસ્ટ કાર રેન્જર રોવલ કાર ચાલક દ્વારા સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા રોડની



સાઈડમાં આવેલ ખેતરમાં ૧૫૦ મીટર સુધી જઈ ચડી હતી અને કાર ચારથી પાંચ ગુલેટી ખાઈ ગઈ હતી. જયારે કારનો કુચડો થઈ ગયો હતો અને ૧૫૦ મીટર સુધી કારનાં બધાં સ્પેરપાર્ટ ખેતરમાં જુદી જુદી જગ્યાએ પડયા હતાં. કારમાં આગળની સાઈડમાં બેઠેલ કારચાલક ઈનાયતખાન સિકંદરખાન પઠાણ ઉ. વર્ષ-૩૬ અને અંકિત (મોન્ટુ) હસમુભાઈ શર્મા ઉ. વર્ષ -૨૫ બન્ને રહે. આણંદ જેવોને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેવોનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જયારે કારમાં પાછળ બેઠેલા અશ્વિન ઉર્ફે જીગો રમેશભાઈ શર્મા ઉ.વર્ષ ૩૦ અને આરીફખાન પરબતખાન પઠાણ ઉ. વર્ષ ૨૪ બન્ને રહે. આણંદને શરીર ઈજાઓ થતાં તેમને ૧૦૮ મારફતે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ઈમ્તિહાજખાન ડોસુખાન પઠાણ રહે. આણંદ દ્વારા કરતાં પ્રાંતિજ પી.એ.સાઈ ચાવડા સહિત તેમની ટીમ ઘટના સ્થળે પહોચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ અને તલોદમાં રસ્તાઓના કામ માટે ૧૨.૧૮ કરોડ ખર્ચાશે

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ તાલુકાના બન્ને સ્થળોએ અંદાજે ૨૧ રસ્તાઓના નવીનીકરણ માટે રાજયના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજે રૂ.૧૨.૧૮ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે.

પ્રાંતિજ-તલોદ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા ખરાબ બિસ્માર પડેલ રસ્તાઓને લઈને ગુજરાત સરકારનાં મંત્રી નિતીનભાઈપટેલને રજુઆતો કરતાં ગામ સડક યોજના અંતર્ગત પંચાયત હસ્તકનાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકાના ગામોને ધ્યાને લેતાં પ્રાંતિજ-તલોદ તાલુકાના ૨૧ જેટલાં સ્થળોએ જેમાં પ્રાંતિજના પ્રાંતિજ ઉંછા બાલીસણા જોઈનીગ ટૂ તલોદ મજરા રોડ, તલોદ -મહીયલ રોડ પહોળા કરવા તથા મજબુતીકરણ, ફતેપુરા તખતગઢ રોડ, કઠવાડા નવાગામ ગુદિંયા રોડ, મહિયલ વલિયમપુરા મુનાસણા રોડ, અંબાવાડા મૌછા રોડ, ગોસાઈનો મઠ રોડ, તલોદ કોલેજથી સલાટપુર રોડ, સિમલિયા ગઢવાડ રોડ, બડોદરા સીનીસર વાવડી રોડ, પ્રાંતિજ પોગલુ સોનાસણ રોડ, લંગાનો મઠ રોડ, અકકલની મુવાડી રોડ જેમાં સાત વર્ષ જુના રસ્તાનું મજબુતીકરણ અને રીસરફેસીંગ થશે જયારે હયાત ડામર નોનપ્લાન રસ્તાની સુધારણા થશે જેમાં પ્રાંતિજના આકોદરા છાદરડા રોડ, લાલપુર મેમદપુર રોડ, મજરા બોભા રોડ, એન.એચ.૮ થી તાજપુર રોડ, પોયડા રોડ જયારે તલોદના હયાત ડામર નોન પ્લાન રસ્તાઓની સુધારણા ગોરા રોડ રણાસણ ભીમપુરા રોડ, તલોદ ધાધવાસનારોડ વગેરે રસ્તાઓને ડામર કામ કરવાની ઝડપી કામગીરી હાથ ધરવામાં આવશે.

# પ્રાંતિજમાં મુખ્યમંત્રીના પોસ્ટર પર કાળા કલરનો કુચડો ફેરવાયો

## તંત્ર ઉઘમાં ને કાળું કામ કરનાર આઝાદ : મુખ્યમંત્રીના ફોટા ઉપર કુચડો મારનારને દેશદ્રોહની સજાની માંગ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા જિલ્લાને જોડતો લાકરોડા સાબરમતી બ્રિજ પાસે અગ્રણી દૂધ ઉત્પાદક માણસા તાલુકો આપણું હાર્દિક સ્વાગત કરે છે, તેવું લગાવવામાં આવેલ બોર્ડ ઉપર મુખ્યમંત્રી બોર્ડ ઉપર મુખ્યમંત્રીના ફોટા ઉપર લગાવેલ કાળા કલરનો કુચડો દુર કરવામાં કે અંહિ નવું બોડ કે આ હરકતો કરનારા તત્વો સામે હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. ત્યારે જો જાહેરમાં જ ત્રણેય જિલ્લાઓને જોડાતા માર્ગ ઉપર જો આંધળાની પણ નજર પડે તેમ




આનંદીબેનના ફોટા ઉપર કાળા કલરથી કુચડો મારનાર અસમાજીક તત્વોને દેશદ્રોહોની સજા તથા બોર્ડ ઉતારી નવું બોર્ડ લગાવવા ત્રણેય જિલ્લાના લોકોની તંત્ર સમક્ષ માંગ છે.

ત્રણેય જિલ્લાને જોડતો સાબરમતી નદી ઉપર બનાવવામાં આવેલ બ્રિજની સાઈડમાં લગાવવામાં આવેલ બોર્ડમાં રહેલ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની તસવીર ઉપર કોઈ અસામાજિક તત્વોએ દ્વારા કાળા કલરથી કુચડો માર્યો છે છતાં ત્યાથી અવરજવર કરતાં ત્રણેય જિલ્લાના અધિકારીઓમાંથી એક પણ અધિકારી કે રોડ ઉપર બીલકુલ બોર્ડની નજીક વાહન ચાલકો પાસેથી બીન કાયદેસર રીતે હપ્તા લેતું પોલીસ તંત્ર દ્વારા પણ આ છે તે રીતે બોર્ડ લગાવેલ છે ત્યારે શું ત્રણેય જીલ્લાના અવર જવર કરનાર તંત્રના અધિકારીઓની નજર નહી પડતી હોય ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે માત્ર એસી ગાડી અને માત્ર હોદાઓ અભિમાન સિવાય કશું દેખાતુ ના હોય તેવું હાલતો જણાઈ આવે છે. ત્યારે ત્રણ જિલ્લાના લોકો નું કહેવું છેકે આ મુખ્યમંત્રી આનંદી બહેનના ફોટા ઉપર કાળો કુચડો નથી માર્યો આ ગુજરાત ઉપર કુચડો માર્યો છે જેથી આવાં અસમાજીક તત્વોની તપાસ કરી તેમણી સામે દેશદ્રોહીની સજા થવી જોઈએ અને ત્રણેય જિલ્લાના તંત્ર માંથી આમાં હદને બાજુમાં મુકીને સત્વરે આ બોર્ડ ને ઉતારી લેવડાવી અને અહીં મુખ્યમંત્રી આનંદી બહેનનું નવું બોર્ડ લગાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.